## <u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/ ૫૫/૨૦૨૫ તા.૧૭/૦૨/૨૦૨૫

**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૦/૦૨/૨૦૨૫ થી તા.૧૬/૦૨/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

**<u>મહીલા પો.સ્ટે.</u>**

તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પો.ઈન્સ.શ્રી વાય.જી. માથુકીયા તથા પી.એસ.આઇ. કે.એમ. સૈયદ દ્વારા બ્રાન્ચ સ્કૂલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુડ ટચ બેડ ટચ વિશે માહિતી આપેલ. તેમજ ડાયલ ૧૦૦ નંબર પોલીસ મદદ માટે અને ૧૮૧ મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અંગે જરૂરી માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

<u>મહીલા પો.સ્ટે.</u>

(૧) તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન PSI એ.સી.નિમાવત દ્વારા ચોપાટી પર વેરાવળ થી આવેલ પ્રવાસના ધોરણ ૫ થી ૮ ના બાળકોને ગુડટચ બેડટચ વિષે માહિતી આપેલ. તેમજ ઇન્સ્ટાગ્રામ તથા ફેસબુક સાવચેતીથી વાપરવા સમજ કરેલ. તેમજ નાની ઉંમરે/ડ્રાઈવીંગ લાયસન્સ વગર વાહન ન ચલાવવા સમજ કરેલ. તેમજ પરીવારના સભ્યોને પણ વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવા તથા રોગ સાઇડમાં વાહન ન ચલાવવા અંગે સમજ કરેલ. તેમજ ટ્રાફીકના નવા નિયમ વિષેની સમજ કરેલ. તેમજ નવા કાયદા અંગે સમજ કરેલ.

(૨) તા.૧૧/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના PSI કે.એમ.સૈયદ દ્વારા એમ.જી.રોડ માણેકચોક વિસ્તાર પેટ્રોલિંગ દરમ્યાન યાત્રાળુ મહિલાઓ ગાંધીજી જન્મ સ્થળની મુલાકાતે પધારેલ હોય. તેઓની મુલાકાત લીધેલ. તેઓ પાસે કીમતી ચીજ વસ્તુઓ તથા પેહરેલ દાગીના અને મોબાઈલ સાચવીને રાખવા કોઈ ચીજવસ્તુની ચોરી કે ગુમ થઈ જાય તો ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસને જાણ કરી પોલીસ મદદ મેળવવા વાકેફ કરેલ. બાદ મહિલા સુરક્ષા તેમજ ઘરેલુ હિંસા, સાસરીયા પક્ષ તરફથી કોઈપણ સ્ત્રીને શારીરિક માનસિક દુઃખ ત્રાસ કે હેરાનગતિ થતી હોય તો પોલીસની મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇન વિશે તેમજ ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે માહિતી આપેલ. તેમજ પોલીસ કંટ્રોલ રૂમને ૧૦૦ નંબર પર ફોન કરી તાત્કાલીક પોલીસ મદદ લઈ શકાય તે વિશે સમજ કરેલ.

(૩) તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. કે.એમ.સૈયદ દ્વારા બંગડી બજારમાં પેટ્રોલિંગ દરમ્યાન બજારમાં ખરીદી કરવા આવેલ મહિલાઓને સુરક્ષા સમજ કરેલ. તેમજ ૧૦૦ નંબર પોલીસ મદદ માટે અને ૧૮૧ મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ. તેમજ ઘરેલુ હિંસા તેમજ મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ તેમજ સાસરીયા પક્ષ તરફથી મહિલાને કોઈ હેરાનગતિ કરે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે તે વિશે માહિતી આપેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

<u>મહીલા પો.સ્ટે</u>.

તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર વાય.જી.માથુકીયા તથા WPC લતાબેન ટીડાભાઇનાઓ દ્વારા રેલ્વેસ્ટેશન ખાતે આવેલ ભીમનાથ મહાદેવ મંદિરે સત્સંગમાં આવેલ મહિલાઓને સુરક્ષા સબંધે ૧૦૦ નંબર પોલીસ મદદ માટે અને ૧૮૧ મહિલા હેલ્પલાઇન વિષે માહિતગાર કરેલ. તેમજ ઘરેલુ હિંસા તેમજ મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક, માનસિક દુઃખ ત્રાસ તેમજ સાસરીયા પક્ષ તરફથી મહિલાને કોઈ હેરાન કરે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અંગે સમજ કરેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે તે વિશે માહિતી આપેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર